**<u>આ કામના અરજદારની ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ – ૪૯૭/૫૦૩ મુજબની અરજી તળેનો હુકમ.</u>**

(૧) અરજદારની હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તરફે વિ.વ.શ્રી તથા વિ. એ.પી.પી.શ્રીની વિસ્તૃત રજૂઆત સાંભળી. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ રજુ દસ્તાવેજો ધ્યાને લીધા. આ હુકમ આંક – ૦૧ તળે કરવામાં આવતો હોય, પુનરાવર્તન તથા લંબાણ નિવારવાના હેતુથી અરજીની હકીકતોનો અત્રે ફરીથી ઉલ્લેખ કરવામાં આવતો નથી.

(૨) હાલના અરજદારે તેઓની અરજીમા રજુઆત કરેલ છે કે, તેઓ અરજીમા જણાવ્યા મુજબના સરનામે રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઇમનો બનાવ બનેલ જે બનાવમાં અરજદારના ખાતામાંથી તેઓના સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાના ખાતા નંબર – ૩૮૯૭૩૫૬૯૫૯૨ માંથી તેઓના કુલ રૂા. ૧૨,૫૦૦/– ઉપડી ગયેલ હતા. જે બાબતે અરજદારે સાયબર હેલ્પ લાઇન નં.૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને ફરીયાદ નં. ૩૧૧૦૨૨૬૦૦૩૮૫૧૩ થી નોંધાવેલ હતી. જેમાંથી કુલ રૂા. ૧૨,૫૦૦/– હોલ્ટ થયેલ છે. જે સાયબર ક્રાઇમ પોલીસ દવારા સામાવાળા (૧) ઇન્ડુલેન્ડ બેન્કના ખાતા નં. ૨૦૧૦૨૯૮૩૩૦૩૯ ના ખાતામાં રૂા.૧૨,૫૦૦/– ગયેલ રુપિયા પોલીસ રીપોર્ટ મુજબ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ જે હાલ સુધી જેમના તેમ પડી રહેલ છે અને અરજદારને પરત મળેલ નથી. આ બાબતે એફ.આઇ.આર. થયેલ નથી. અરજદારને ખુબજ આર્થીક નુકશાન થયેલ હોય, સદર નાણાની જરુરીયાત હોય, તેઓના ખાતામા પરત અપાવવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ – ૪૯૭/૫૦૩ મુજબ યોગ્ય તે હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) અરજદારની અરજી સબબ તપાસ કરનાર અમલદાર એટલે કે સબંધીત પોલીસ સ્ટેશનથી અભિપ્રાય મંગાવવા યાદી કરવામાં આવેલ. જે અન્વયે સિહોર પોલીસ સ્ટેશન તરફથી તા.૦૨/૦૬/૨૦૨૬ ના રોજ આંક – ૦૪ થી તેઓનો અભિપ્રાય રજુ રાખેલ છે. તપાસ કરનાર અધિકારીનો અભિપ્રાય તથા લગત કાગળો ધ્યાને લેતા, તેઓએ જણાવેલ છે કે, સાયબર ક્રાઇમનો ભોગ બનનાર ના નાણા જયારે ઓનલાઇન ટ્રાન્સફર થઇ જતા હોય છે ત્યારે આવા નાણાને તાત્કાલીક રોકવા તથા ગુના અટકાવવા માટે ગુજરાત સરકાર દવારા સાયબર આશ્વસ્થ પ્રોજેકટ સામાન્ય નાગરિકો માટે શરુ કરવામાં આવેલ છે. હાલના **અરજદાર જયદીપભાઇ ભરતભાઇ પરમાર, રહે.**

**ગણેશનગર, પ્લોટ નં.૧૪ સિહોર, જી. ભાવનગર** નાઓ સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ હતો જેમા અરજદારના તેઓના સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના ખાતા નંબર – ૩૮૯૭૩૫૬૯૫૮૨ માંથી તેઓના કુલ રૂ. ૧૨,૫૦૦/– ઉપડી ગયેલ હતા. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ – ૧૦૬ મુજબ રૂ.૧૨,૫૦૦/– ફ્રીઝ થયેલ છે. સદર બેન્ક ખાતા બનાવટી હોવાનુ અને સદર ખાતાઓ ફ્રીઝ કર્યા બાદ ખાતેદાર કે અન્ય કોઈ એ ખાતુ સીઝ કર્યા બાબત સાયબર ક્રાઈમ પોલીસ સમક્ષ કોઈ વાંધા તકરાર જણાવેલ નથી જેથી તે અરજદારને પરત આપવા અભિપ્રાય આપેલ છે.

(૪) સદર કામે અરજી સાથે રજુ કરવામાં આવેલ બેંક પેપર્સની નકલો ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અમલદાર દવારા રજુ કરવામા આવેલ અભિપ્રાય તથા તેને લગત કાગળો ધ્યાને લેતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે, હાલના અરજદારના ખાતામાંથી તેઓના સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના ખાતા નંબર – ૩૮૯૭૩૫૬૯૫૮૨ માંથી તેઓના કુલ રૂ. ૧૨,૫૦૦/– ઉપડી ગયેલ હતા. જે બાબતે અરજદારે સાયબર હેલ્પ લાઈન ઉપર ફરીયાદ કરેલ હોવાનું પણ જણાઈ આવે છે. આમ, સદર હકીકત ધ્યાને લેતા, અરજદારના ખાતામાંથી સદરહુ રકમ ઉપડી ગયેલ હોવાનુ તથા તે નાણા શંકાસ્પદ ખાતામા ટ્રાન્સફર થયેલ હોવાનું હાલના તબકકે જણાઈ આવે છે. ઉપરાંત રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતા હાલના કામે આજદીન સુધી કોઈ એફ.આઈ.આર. થયેલ હોય કે કોઈની ધરપકડ કરવામા આવેલ હોય તેમ જણાઈ આવતુ નથી. તેમજ બનાવને આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતા આજદીન સુધી અરજદાર સિવાય અનય કોઈએ સદર નાણાની અત્રેની અદાલત સમક્ષ માંગણી કરતી કોઈ અરજી કરેલ નથી. તપાસ કરનારનો અભિપ્રાય ધ્યાને લેતા, તેઓ તથા સાયબર ક્રાઈમ સમક્ષ પણ કોઈએ વાંધા તકરાર જણાવેલ નથી. તેમજ ખાતા સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ આ બાબતે (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી.

આ તબકકે સદર નાણા પરત આપવા બાબતે અત્રેની અદાલતની સત્તા હકુમત જોતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૪૯૭/૫૦૩ મા નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે –

**497. Procedure by police upon seizure of property.**

> (1) Whenever the seizure of property by any police officer is reported to a Magistrate under the provisions of this Code, and such property is not produced before a Criminal Court during an inquiry or trial, the Magistrate may make such order as he thinks fit respecting the disposal of such property or the delivery of such property to the person entitled to the possession thereof, or if such person cannot be ascertained, respecting the custody and production of such property.
> (2) If the person so entitled is known, the Magistrate may order the property to be delivered to him on such conditions (if any) as the Magistrate thinks fit and if such person is unknown, the Magistrate may detain it and shall, in such case, issue a proclamation specifying the articles of which such property consists, and requiring any person who may have a claim thereto, to appear before him and establish his claim within six months from the date of such proclamation.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકતો, સંજોગો તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા, સદર નાણા બેંકમા જમા હોય તેથી સદર રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી. તેમજ ભવિષ્યમા પણ મુદામાલની ઓળખ બાબતની કોઇ તકરાર કે પ્રશ્ન ઉપિસ્થત થાય તેમ નથી. વધુમાં નામદાર મહેરબાન સુપ્રિમકોર્ટ દવારા સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિ. ગુજરાત રાજય ૨૦૦૩(૧) જી.એલ.એચ. પાના નં.૩૦૭ ના ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવાપાત્ર જણાતી હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:/**(હુકમ)**/:-

(૧) અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારના સદર ગુનાના કામે સીઝ કરવામાં આવેલ રોકડ રકમ **રૂા.૧૨,૫૦૦/- (રુપીયા બાર હજાર પાચસો પુરા)** ના દોઢી રકમના જાત જામીન (બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન લગત પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં હુકમ કરવામાં આવે છે કે, અરજદાર દવારા હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પોલીસ અધિકારીશ્રી દવારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે તે બેન્કને કરવી. સામાવાળાઓની બેન્કોને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારીશ્રી દવારા હુકમની જાણ મળ્યેથી દિન-૧૦ મા સામાવાળા ઓના ખાતામા જમા છે તે રકમ માંથી આ કામના અરજદારના તેઓના સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાના ખાતા નંબર - **૩૮૯૭૩૫૬૯૫૯૨** માંથી તેઓના કુલ રૂા. **૧૨,૫૦૦/-** ઉપડી ગયેલ હતા. તે પૈકી ફ્રીઝ થયેલ રકમ **૧૨,૫૦૦/- અરજદારના** ખાતામાં જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા લગત પોલીસ સ્ટેશનને કરવી.

(૪) અત્રેની અદાલત જયારે ફરમાવે ત્યારે અરજદારે આ નાણા અદાલતમા સમક્ષ રજુ કરવાના રહેશે.

(૫) ઉપરોકત ખાતાધારક વ્યકિત કે અન્ય કોઇ વ્યકિત સદર નાણા પર કલેઇમ કરે અને પોતાનો હકક-હિત પુરવાર કરે તેવો સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

(૬) કોઇપણ શરતનો ભંગ થયેથી હાલનો આ હુકમ આપો આપ રદ ગણાશે તથા મુદામાલ રોકમ રકમ ફરીથી જપ્ત થવાનેપાત્ર રહેશે. તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસુલ કરવાને પાત્ર રહેશે.

હુકમ આજ તારીખ– ૦૪ , માહે– જુન સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી– સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

**તા. ૦૪/૦૬/૨૦૨૬**
**સ્થળ:સિહોર**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**સિહોર, જી. ભાવનગર,**
**કોડ નંબર (જી.જે.૦૧૦૩૭)**

(બી.બી.ગોસાઇ)